# OM INFRACON

318 Shivam Infinity, Opp. S.T.Workshop, Dharampur Road,
Valsad 396001
Mb: +91 9925803038 Email: ominfracon@outlook.com

તા. ૧૦/૦૫/૨૦૨૨

પ્રતી,

વલસાડ નગર પાલિકા,

તા અને જી. વલસાડ

વિષય:- ફાયર સેફ્ટીનો અભિપ્રાય આપવા બાબત.

જય ભારત સાથે જણાવવાનું કે અમોનું બાંધકામ વલસાડ નગરપાલિકાની હદમાં આવેલા વલસાડ વિસ્તારમાં સીટી સર્વે નં. ૪૦૯૭, ૪૦૯૮, ૪૦૯૯ અને ૪૧૦૦ માં બાંધકામની પરવાનગી તા. ૨૦/૦૧/૨૦૨૨ તેમજ રજાચિઠ્ઠી નં. VADA/07-12-2021/2147862/01/019066 થી મંજૂરી માટે અરજી કરતાં મંજૂરી મેળવેલ છે. જેથી ગુજરાત જી.ડી.સી.આર. (GDCR) મુજબની જોગવાઈ મુજબ અમોને ફાયરનો અભિપ્રાય આપવા તમોને વિનંતી.

આથી તમોને વિનંતી કે અમોને ગુજરાત જી.ડી.સી.આર. (GDCR) મુજબ ફાયર સેફ્ટીનો અભિપ્રાય આપવો.

FOR OM INFRACON લી.

PROPRIETOR

જયરાજ હરીશભાઇ દેસાઇ

પ્રોપ્રાએટર,

ઓમ ઇન્ફ્રાકોન

10/5/22
રેકર્ડ ક્લાર્ક
વલસાડ નગરપાલિકા

# INDIA NON JUDICIAL

# Government of Gujarat

## Certificate of Stamp Duty

सत्यमेव जयते

₹300

| | | |
|---|---|---|
| **Certificate No.** | : | **IN-GJ55723371368290U** |
| Certificate Issued Date | : | 10-May-2022 03:34 PM |
| Account Reference | : | IMPACC (FI)/ gjelimp10/ VALSAD/ GJ-VL |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJELIMP1043234848273577U |
| Purchased by | : | ANIRUDDH H DESAI |
| Description of Document | : | Article 29 Indemnity Bond |
| Description | : | AFFIDAVIT CUM DECLARATION |
| Consideration Price (Rs.) | : | 0<br>(Zero) |
| First Party | : | JAYRAJ HARISHBHAI DESAI PROP OF OM INFRACON |
| Second Party | : | GUJARAT RERA |
| Stamp Duty Paid By | : | JAYRAJ HARISHBHAI DESAI PROP OF OM INFRACON |
| Stamp Duty Amount(Rs.) | : | 300<br>(Three Hundred only) |

NOTARY ★ B. D. DESAI VALSAD DIST. GUJARAT STATE REGD. No. 865 GOVT. OF GUJARAT (INDIA)

ELPL VALSAD

₹300

IN-GJ55723371368290U

KC 0034785043

Statutory Alert:

1. The authenticity of this Stamp certificate should be verified at 'www.shcilestamp.com' or using e-Stamp Mobile App of Stock Holding. Any discrepancy in the details on this Certificate and as available on the website / Mobile App renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

# AFFIDAVIT CUM DECLARATION

Affidavit cum Declaration of MR. JAYRAJ HARISHBHAI DESAI duly authorized by the promoter of OM INFRACON, for project Name SATYAM APARTMENT, of the project situated at City Survey No. 4097, 4098, 4099 and 4100, Near Bharat Dairy, Tithal Cross Road, Valsad, Dist – Valsad, Authority Name: - Valsad Nagarpalika Authority vide its authorization dated 04/03/2020

I, JAYRAJ HARISHBHAI DESAI authorized signatory of proposed project duly authorized by the promoter of the project SATYAM APARTMENT do hereby, solemnly declare, undertake and state as under,

We have submitted all the required documents for obtaining fire Opinion to Valsad Nagarpalika, Valsad Nagarpalika vide application inward letter attached herewith on 10th May, 2022 but lockdown of officers due to COVID-19 has resulted in delay.

We undertake that we shall submit the fire NOC to RERA authority as soon as we received the same.

We further assure that we shall obtain fire NOC for the project before obtaining completion certificate from the concerned authorities.

We understand that the entire responsibilities for the same will be that of promoter.



Identified by me
Known signatories before me

**FOR OM INFRACON**

**PROPRIETOR**

1) MR. JAYRAJ HARISHBHAI DESAI

Authorized Signatory of

M/s. OM INFRACON,

A Proprietorship

NOTARY
B. D. DESAI
Valsad DIST
GUJARAT STATE
REGD. NO. 865/09
GOVT. OF GUJARAT

ATTESTED

BHARAT D. DESAI
NOTARY
VALSAD
GOVT. OF GUJARAT

BOOK NO. 132
PAGE NO. 12
SERIAL NO 5529
DATE 10.05.2022

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

નં : સીએચ/એલએનએ/રજી: ૧/૧૯૭૬–૭૭

કલેકટર કચેરી, વલસાડ.

વલસાડ: તા: ૧૯–૧૧–૭૬

<u>વંચાણે:</u>

૧ અરજદાર શ્રી ચુનીલાલ માણેકલાલ પારેખ, રહે મોગરાવાડીની મોજે મોગરાવાડી તાલુકા વલસાડ ના સ. નં. ૨૭/અ/૧/૧/આર/હિ–૩ પૈ ની જમીનમાં ખેતી સિવાયનું કૃત્ય કરવા બાબતની તારીખ: ૨૬–૮–૭૬ ની અરજી.

૨ સીટી સર્વે ઓફિસરશ્રી વલસાડના રીપોર્ટ નંબર: સીટીએસ/વશી/૩૮૩ તારીખ ૨૭–૭–૭૬ થી પુરૂ થતુ પ્રકરણ.

૩ આ કચેરીનો હુકમ નંબર સીએચ/એનએ/એસઆર/૪/૭૧ [illegible] ૭૨, તારીખ ૨૭–૪–૭૩.

<u>હુ ક મ :</u>

આ કચેરીનો તારીખ ૨૭–૪–૭૩ નો હુકમ રદ કરવામાં આવે છે અને મોજે મોગરાવાડી તાલુકા વલસાડના સ. નં. ૨૭/અ/૧/૧/આર/હિ–૩ પૈ ની જમીનમાં પ્રકરણે તારીખ ૧૭–૧૧–૭૬ ના રોજ મંજુર કરી સામેલ રાખેલ નકશામાં અ, બ, ક, નિશાનીથી બતાવ્યા પ્રમાણે ૧૨૭૩ ચો. મીટર જમીનના ખેતી સીવાયના પ્લોટમાં લાલ રંગથી બતાવ્યા પ્રમાણે ૪૭૭ ચો. મી. જમીનમાં નકશામાં જણાવેલ વિગત મુજબના રહેઠાણનાં મકાનના બાંધકામ કરવાની પરવાનગી શ્રી ચુનીલાલ માણેકલાલ પારેખને આ કામે જે બીનખેતીનો ધારો નકકી થાય તે તારીખ: ૧–૮–૭૬ થી ભરવા ની તથા તેના ઉપર નિયમ મુજબનો લોકલ ફં તથા શિક્ષણ ઉપકર ભરવાની શરતે તથા નીચેની વધુ શરતોનું પાલન કરવાની શરતે આપવામાં આવે છે.

૧ તારીખ ૧૭–૧૧–૭૬ ના રોજ મંજુર કરેલ નકશામાં ૧૨૭૩ ચો. મીટર જમીનના ખેતી સીવાયના પ્લોટમાં લાલ રંગથ બતાવેલ ૪૭૭ ચો. મીટર થી વધુ જમીનમાં બાંધકામ કરવું નહીં

અને બાકીની જમીન આશા તરફ ખુલ્લી રાખવી.

૨. કલેક્ટરશ્રીના અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય મંજુર કરેલ બાંધકામ કે ખેતી સિવાયના પ્લોટમાં કોઇપણ જાતનો વધારો અગર બીજા ફેરફાર કરવા નહીં તેમજ વધારાનું બાંધકામ કરવું નહીં.

૩ લેન્ડ રેવન્યુ કોડની કલમ ૪૮: ૪: હેઠળ કલેકટરશ્રીની અગાઉ થી લેખીત પરવાનગી મેળવ્યા સિવાય મંજુર જમીનનો તથા બાંધકામનો રહેઠાણનાં મકાન સિવાયના હેતુઓ માટે નો ઉપયોગ સારુ મનાઇ ફરમાવવામાં આવે છે.

૪. આ હુકમ થયાની તારીખથી છ માસમાં બાંધકામ શરૂ કરવુ પડશે અને જો તેમ કરવામાં કસુર થશે તો જે તારીખથી ખેતી સીવાયની પરવાનગી આપવામાં આવી છે તે તારીખથી બીન ખેતીના ધારો તથા દંડ જે કાંઇ નકકી થાય તે ભરવા પડશે

૫. કબજેદાર ખેતી સીવાયનું કૃત્ય શરૂ કર્યાની તારીખથી એક માસમાં ગામ અધિકારી મારફતે કૃત્ય શરૂ કર્યાની લેખીત ખબર સીટી સર્વે ઓફિસરશ્રી વલસાડને આપવી પડશે જો તેમ કરવામાં તેઓ કસુર કરે તો ખેતી સિવાયના ધારા ઉપરાંત દંડ ભરવાને પાત્ર રહેશે.

૬. પરવાનગી મુજબ બાંધકામ શરૂ કરતાં પહેલા વલસાડ નગર પાલિકાનો પ્લાન મંજુર કરાવી પરવાનગી મેળવવી પડશે.

૭. કબજેદારે પોતાના ખર્ચે સર્વે ખાતા મારફતે ખેતી સીવાયના પ્લોટની માપણી કરાવવી પડશે સર્વે ખાતા તરફથી માપણી મુજબ ક્ષેત્રફળ અને આકારમાં જે કોઇ ફેરફાર પડે તે મુજબ આ હુકમ તથા કરી આપવાની સનદ ફેરફારને પાત્ર રહેશે.

૮. કબજેદારે ખેતી સીવાયનું કૃત્ય ચાલુ કર્યાની તારીખથી પરંતુ અપીલ મુજબ વીત્યા બાદ બે માસની મુદતમાં નમુના "એમ" મ આ હુકમમાં જણાવેલી તમામ શરતો સહીતની સનદ કરી આપવી પડશે અને આ પરવાનગી સનદમાં જણાવેલ શરતોને આધીન રહેશે.

૯. ખાર કુવા યોગ્ય તથા નિયમીત સાફ કરાવવા માટે ગોઠવણ ન હોય તો બાંધવા નહીં.

૧૦: કુવાથી ૧૦૦ ફુટ અંતર : નજીક: ખાર કુવો બાંધવો નહી તેમજ ખાર કુવાનો ઉપયોગ કરવો નહીં.

૧૧ મંજુર કરેલ ખેતી સીવાયની પ્લોટની જમીનની આજુ-બાજુ કમ્પાઉન્ડ દિવાલ બાંધવાનો પ્રસંગ ઉભો થાય તો તે સાડા ત્રણ ફુટથી વધુ ઉંચાઇની બાંધવી નહી. રસ્તા તરફથી બાજુએ જો દિવાલ બાંધવી હોય તો કલેકટરશ્રીની પુર્વ મંજુરી મેળવ્યા સિવાય બાંધવી નહીં.

૧૨. ખાર કુવા અને ખાર કોઠીનો ઉપયોગ મળ સંગ્રહ માટે કરવો નહીં.

૧૩. મુંબઇના ગણોત અને ખેતીની જમીનના કાયદાની જોગ-વાઇઓને આધીન આ પરવાનગી આપવામાં આવે છે.

૧૪ આ હુકમની તારીખથી ત્રણ વરસમાં બાંધકામ પુરુ કરવું પડશે.

૧૫. બાંધકામમાં સહેલાઇથી બળી જાય તેવો પદાર્થ યા સાધનો ઉપયોગ કરવો નહીં.

૧૬ ઉપરની કોઇપણ શરતોનો ભંગ થશે તો આ પરવાનગી પુરેપુરી અથવા પરવાનગીનો અમુક ભાગ રદ કરવાને પાત્ર થશે.

<u>૧૭ શિક્ષાત્મક કલમ :</u>

: અ: અરજદાર ઉપરોકત કોઇપણ શરતોનો ભંગ કરે તો કલેકટરશ્રી સદરહુ કાયદાના ઠરાવો અન્વયે અરજદાર જે કોઇપણ બીજી શિક્ષાને પાત્ર હોય તેને બાધ આણ્યા સીવાય તેને ફરમાવવું યોગ્ય લાગે તો તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો અરજદાર પાસે ચાલુ રહેવા દઇ શકશે.

: બ: ઉપરની પેટા કલમ "અ" માં ગમે તે મજકુર હોય તેમ છતાં કલેકટરશ્રી સદરહુ પરવાનગી વિરુધ્ધ બાંધેલા અથવા વપરાતા કોઇપણ મકાન અથવા ઇમલાને કલેકટરશ્રીએ આ અર્થે જે મુદત ઠરાવી હોય તો તે મુજબ દરમ્યાન ખસેડવા અથવા તેમાં ફેરફાર કરવાનું ફરમાવે તો તે કાયદેસર ગણાશે અને ઠરાવેલી મુદત દરમ્યાન તેવી રીતે ખસેડવામાં અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે તો કલેકટરશ્રી

જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

<u>રજી. પો. એ. ડી.</u>

સહી. એ. કે. ચક્રવતી.
કલેકટર, વલસાડ.

સિક્કો:
કલેકટર કચેરી,
વલસાડ.
જિલ્લા વલસાડ

પ્રતિ,
શ્રી ચુનીલાલ માણેકલાલ પારેખ,
રે. પારેખ નિવાસ હાલર રોડ,
વલસાડ.

રવાના કર્યું

સહી.
અવાચ્ય
કલેકટર વલસાડ વતી.

સહી. અવાચ્ય
તા: ૨૨-૧૧-

TRUE COPY
12-1-73
Mamlatdar, Bulsar.

: ખરી નકલ :

MAMLATDAR BULSAR